અગ્રતા ક્રમ -: ૬

વિભાગ :- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૩૧૭

# ૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામા જવાબ આપવાની તા. ૨૭/૦૨/૨૦૨૪

(બીજી બેઠક)

પ્રશ્નનું શિર્ષક : સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવવા બાબત.

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)

# અનુક્રમણિકા



| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન ૧ | રાજ્યમાં હાલની સ્થિતિએ કોવિડ-૧૯ અંતર્ગત મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને સહાય ચુકવવામાં આવે છે કે કેમ? | શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) |
| પેટા પ્રશ્ન ૨ | સાબરકાંઠા જિલ્લામાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોએ ખોટા દસ્તાવેજો રજૂ કરી મેળવેલ સહાય અંગે સરકાર દ્વારા સહાય પરત લેવા અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આપો. | શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) |
| પેટા પ્રશ્ન ૩ | સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને સરકાર દ્વારા અપાતી સહાયના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવી તે અંગે હાલની સ્થિતિએ સરકારશ્રી દ્વારા લીધેલ પગલાની વિગતો આપો. | શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) |
| પેટા પ્રશ્ન ૪ | કોવિડ-૧૯ અંતર્ગત મૃત્યુ પામેલ વ્યક્તિના વારસદારોને ચૂકવવાની સહાયના ધોરણો જણાવો. | શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) |
| પેટા પ્રશ્ન ૫ | કોવિડ-૧૯ની કામગીરી દરમિયાન ફરજ બજાવતા મૃત્યુ પામેલ સરકારી અધિકારીશ્રી/કર્મચારીઓને અલગથી કોઇ સહાય ચુકવવામાં આવે છે કે કેમ? તે અંગે સહાયના ધોરણો જણાવો. તથા આજ દિન સુધી ચુકવેલ સહાયની રકમ જણાવો. | શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) |
| | પૂરક માહિતી | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2317

વિષય:

સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવવા બાબત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 25/01/2024 | 16/02/2024 | 01/02/2024 |

*15/4/2317 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી(ખેડબ્રહ્મા)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને સરકાર દ્વારા અપાતી સહાયના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોએ કેટલી રકમ મેળવી હોવાનું સામે આવ્યું,

(૩) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ પરત વસૂલવામાં આવી,

(૪) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ વસૂલવાની બાકી છે, અને

(૫) ઉક્ત સ્થિતિએ બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા?

----

01/02/2024

Received at

[મુખ્ય પેજ પર જાઓ]

# વિભાગે કરેલ જવાબ

Letter No: RD/0316/02/2024 Dt: 12-02-2024

**સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવવા બાબત**

*૧૫/૪/૨૩૧૭ : શ્રી ડૉ. તુષાર ચૌધરી (ખેડબ્રહ્મા):માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને સરકાર દ્વારા અપાતી સહાયના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવી છે તે હકીકત સાચી છે, | (૧) | હા સાચી છે. |
| (૨) | જો હા, તો ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોએ કેટલી રકમ મેળવી હોવાનું સામે આવ્યું, | (૨) | ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં આવા કિસ્સાની વિગત નીચે મુજબ છેઃ |

| ક્રમ | જિલ્લો | ઇસમોની સંખ્યા | ચૂકવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૨ | ૧૬,૦૦,૦૦૦ |
| ૨ | સાબરકાંઠા | ૪ | ૨,૦૦,૦૦૦ |

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (3) | તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ પરત વસુલવામાં આવી, | (3), (૪) અને (૫) | ગાંધીનગર જિલ્લામાં ૩૨ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. તેમજ નામ.કોર્ટમાં કેસ ચાલુ હોઇ રકમ વસુલ લેવામાં આવેલ નથી. સાબરકાંઠા જિલ્લામાં ૪ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ હોઇ રકમ વસુલ લેવામાં આવેલ નથી. |
| (૪) | ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ વસૂલવાની બાકી છે, અને | | |
| (૫) | ઉક્ત સ્થિતિએ બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા? | | |

[મુખ્ય પેજ પર જાઓ]

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

- વિશ્વમાં આવેલ કોવિડ-૧૯ ની મહામારી અંગે ભારત સરકારના નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી તા.૧૧/૦૯/૨૦૨૧ તથા તા.૨૫/૦૯/૨૦૨૧ના પત્રથી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ અંતર્ગત કોવિડ-૧૯ ના કારણે મૃત્યુ પામેલ વ્યક્તિઓના વારસદારોને સહાય આવાની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ, જે અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા તા.૨૦/૧૧/૨૦૨૧ના ઠરાવથી કોવિડ-૧૯ ના કારણે મૃત્યુ પામેલ વ્યકિતના વારસદારને એસ.ડી.આર.એફ. માંથી રૂ.૫૦,૦૦૦/- ની સહાય ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજ્યમાં કોરોના વાઇરસના કારણે કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં સરકારશ્રી દ્વારા તા.૨૨/૦૫/૨૦૨૦ના ઠરાવથી આશ્રિત કુટુંબને રૂ.૨૫ લાખની સહાત આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. વધુમાં, સરકારશ્રી દ્વારા તા.30/03/૨૦૨૨ના ઠરાવથી ઘરવિહોણા લોકો જેમાં સ્થળાંતરિત થયેલ મજૂરો, લોકડાઉનના કારણે ફસાયેલા અને રાહત કેમ્પોમા શરણ લીધેલ હોય તેઓને ભોજન અને અન્ય સુવિધા પુરી પાડવાની જોગવાઇ કરવામાં આવેલ. સરકારશ્રીના તા.૦૪/૧૨/૨૦૨૧ના ઠરાવથી, આ અંગેની સહાય ચુકવણી કરવાની કાર્યવાહી અરજી મળ્યાની ૩૦ દિવસની અંદર પૂર્ણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ :૦૬

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૪૧૭

| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) | |
|---|---|
| પેટા પ્રશ્ન ૧ | રાજ્યમાં હાલની સ્થિતિએ કોવિડ-૧૯ અંતર્ગત મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને સહાય ચુકવવામાં આવે છે કે કેમ? |
| જવાબ | ભારત સરકારશ્રીના નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના તા.૧૧/૦૯/૨૦૨૧ના પત્રથી જાહેર કર્યા મુજબ, ભારત સરકારશ્રીની એસ.ડી.આર.એફ. ની તા.૧૦/૧૦/૨૦૨૨ ની ગાઇડલાઇન અનુસાર જ્યાં સુધી કોવિડ-૧૯ ને ડીઝાસ્ટર તરીકે ડીનોટીફાઇડ કરવામાં ના આવે ત્યાં સુધી ચાલુ રહેશે. આથી હાલની સ્થિતિએ પણ કોવિડ-૧૯ અંતર્ગત મૃત્યુ પામેલ વ્યક્તિઓના વારસદારોને સહાય ચુકવવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૬

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૪૧૭

| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) | |
|---|---|
| પેટા પ્રશ્ન ૨ | સાબરકાંઠા જિલ્લામાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોએ ખોટા દસ્તાવેજો રજૂ કરી મેળવેલ સહાય અંગે સરકાર દ્વારા સહાય પરત લેવા અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આપો. |
| જવાબ | • સાબરકાંઠા જિલ્લામાં કોવિડ-૧૯ થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના કુલ ૦૯ વારસદારોએ ખોટા દાસ્તાવેજો રજૂ કરી સહાય મેળવેલ હતી. જે તમામ વારસદારો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.<br>• જે પૈકી ૦૪ ઇસમોને સહાયની રકમ ચૂકવેલ હતી. જે ૦૪ ઇસમો પાસેથી રકમ પરત વસુલવામાં આવેલ છે. જ્યારે ૦૫ ઇસમોને સહાયની રકમ ચુકવવામાં આવેલ નથી.<br>• આમ, હાલની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કોઇ ઇસમો પાસેથી રકમ વસુલવાની બાકી રહેતી નથી. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૬

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૪૧૭

| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) | |
|---|---|
| પેટા પ્રશ્ન 3 | સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને સરકાર દ્વારા અપાતી સહાયના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવી તે અંગે હાલની સ્થિતિએ સરકારશ્રી દ્વારા લીધેલ પગલાની વિગતો આપો. |
| જવાબ | • ગાંધીનગર જિલ્લામાં ખોટા દસ્તાવેજો રજૂ કરી કોરોના સહાય મેળવવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં ધ્યાને આવતા ૩૨ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. તેમજ હાલની સ્થિતિએ સદર બાબત કોર્ટમાં પડતર છે.<br>• સાબરકાંઠા જિલ્લામાં ૯ ઇસમો દ્વારા ખોટા દસ્તાવેજો રજૂ કરી કોરોના સહાય મેળવવાનું તપાસમાં ધ્યાનમાં આવતા, તમામ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૬

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૩૧૭

| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) | |
|---|---|
| પેટા પ્રશ્ન ૪ | કોવિડ-૧૯ અંતર્ગત મૃત્યુ પામેલ વ્યક્તિના વારસદારોને ચૂકવવાની સહાયના ધોરણો જણાવો. |
| જવાબ | સરકારશ્રીના તા.૨૦/૧૧/૨૦૨૧ના ઠરાવની જોગવાઇઓ મુજબ:-<br>• રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)ની સહાય દરેક મૃત્યુ પામેલ વ્યક્તિના કિસ્સામાં<br>• આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવ મુજબ વ્યક્તિનું મૃત્યુ કોવિડ-૧૯ થી થયુ છે. તેવું પ્રમાણિત થયેલ હોવું જોઇએ.<br>• આ સહાયનો તમામ ખર્ચ સ્ટેટ ડીઝાસ્ટર રીલીફ ફંડમાંથી કરવાનો રહે છે.<br>• આ સહાય દેશમાં કોવિડ-૧૯ નો પ્રથમ કેસ નોંધાયો ત્યારથી લાગુ પડશે અને કોવિડ-૧૯ ને ડીઝાસ્ટર તરીકે નાબૂદ જાહેર કરવામાં ન કરવામાં આવે ત્યાં સુધી અથવા અન્ય હુકમ થાય તે બન્નેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે.<br>• વધુમાં, સરકારશ્રીના તા.૦૪/૧૨/૨૦૨૧ના ઠરાવથી સહાય ચુકવણી કરવાની કાર્યવાહી અરજી મળ્યાની 30 દિવસની અંદર પૂર્ણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ :૦૬

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૪૧૭

| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) | |
|---|---|
| પેટા પ્રશ્ન ૫ | કોવિડ--૧૯ની કામગીરી દરમિયાન ફરજ બજાવતા મૃત્યુ પામેલ સરકારી અધિકારીશ્રી/કર્મચારીઓને અલગથી કોઇ સહાય ચુકવવામાં આવે છે કે કેમ? તે અંગે સહાયના ધોરણો જણાવો. તથા આજ દિન સુધી ચુકવેલ સહાયની રકમ જણાવો. |
| જવાબ | • હા, સરકારશ્રીના તા.૨૨/૦૫/૨૦૨૦ ના ઠરાવથી રાજ્યમાં કોરોના વાઇરસના કારણે અધિકારી/કર્મચારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી રૂ.૨૫ લાખની સહાયની જોગવાઇ કરવામાં આવેલ છે. અને તે મુજબ સહાય ચુકવવામાં આવે છે.<br>• આજ દિન સુધી રૂ.૧૪૮.૫૦ કરોડ(અંકે રૂપિયા એકસો અડતાલીસ કરોડ પચાસ લાખ) ની સહાય અધિકારી / કર્મચારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ચૂકવવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

પૂરક માહિતી :-

**સાબરકાંઠા જિલ્લામાં ખોટા દસ્તાવેજ રજૂ કરી કોરોના સહાય મેળવેલ અરજદારો સામે દાખલ થયેલ એફ.આઇ.આર. બાબત.**

- નામ. સુપ્રીમ કોર્ટની તા.૨૯.૧૧.૨૦૨૧ ની સુનાવણી દરમિયાન ઓન-લાઇન એપ્લીકેશન પોર્ટલ ડેવલપ કરવા માટે જણાવતાં, ગુજરાત સરકાર દ્વારા સમગ્ર દેશમાં પ્રથમ પહેલ કરી મૃતકના વારસદારોને સરળતા ખાતર મોબાઇલ એપ્લીકેશન ડેવલપ કરવામાં આવી હતી અને હજારો લોકોએ તેનાથી લાભ મેળવ્યો હતો.
- જન્મમરણનો ડેટા ઓન-લાઇન વેરીફાઇ હોવાથી ડુપ્લીકેશન ચુકવણી ક્યાંય પણ થતી નથી.
- તલોદ મામલતદારશ્રીને કુલ-૬ અરજદારો દ્વારા કોવિડ – ૧૯ ની સહાય મેળવવા ઓન-લાઇન અરજી કરેલ અને તાલુકા હેલ્થ ઓફીસરશ્રીના તા.૨૩/૧૨/૨૦૨૨ના અહેવાલ મુજબ કુલ-૬ અરજીઓમાં મેડીકલ ઓફીસરશ્રી, સાણોદા, તા.દહેગામ, જિ.ગાંધીનગરના ખોટા સહી-સિક્કા હોવાથી આવા અરજદારો વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશન ખાતે એફ.આઇ.આર. દાખલ કરવામાં આવેલ તથા કોર્ટમાં રજુ થયેલ ચાર્જશીટમાં અન્ય કોઇ સરકારી અધિકારીશ્રી કે કર્મચારીશ્રી સંડોવાયેલ નથી.
- તપાસ દરમિયાન અન્ય મૃતક ૭ ઇસમોના ફોર્મ-૪ એ માં સામુહિક આરોગ્ય કેન્દ્ર સાણોદાના ખોટા સહિ-સિક્કા કરી સહાય મેળવવા માટે ખોટા દસ્તાવેજ બનાવી મામલતદાર કચેરી, દહેગામ ખાતે રજૂ કરેલ હોવાની હકીકત મળી હતી જેની મેડીકલ ઓફીસરશ્રી, સાણોદાની હાજરીમાં ચકાસણી કરતાં અંદાજે કુલ ૩૦ જેટલા અરજદારો દ્વારા ગેરરીતી થઇ હોવાનું જણાઇ આવતા આ તમામ વિરૂધ્ધ એફ.આઇ.આર. દાખલ કરવામાં આવેલ ચાર્જશીટમાં અન્ય કોઇ સરકારી અધિકારીશ્રી કે કર્મચારીશ્રી સંડોવાયેલ નથી.

- સાબરકાંઠા જિલ્લામાં માત્ર તલોદ તાલુકામાં ૪ ઇસમો દ્વારા ખોટા દસ્તાવેજ રજૂ કરી સહાય મેળવી હોવાનું મામલતદારશ્રીના ધ્યાને આવતાં સદર ઇસમો વિરૂધ્ધ બીજી એફ.આઇ.આર. દાખલ કરેલ. જેની ચાર્જશીટ દાખલ કરવાની પ્રક્રિયા ચાલુમાં છે.
- સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં મંજુર થયેલ ૧૦ પૈકી ૬ અરજદારોને સહાય ચુકવવાનો ફકત હુકમ થયેલ, રકમ ચુકવાયેલ નથી. બાકીના ૪ અરજદારોને ચુકવેલ રકમ અરજદારો દ્વારા રૂા.૫૦,૦૦૦ લેખે કુલ રૂપિયા ૨,૦૦,૦૦૦ વસૂલ કરવામાં આવેલ છે.
- ગાંધીનગર જિલ્લામાં ઉકત અરજદારો સામે ખોટી સહાય મેળવ્યા અંગેનો ગુનો સાબિત થયેથી સહાયની રકમની વસૂલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.